**ચૂંટણી અને સીમાંકન મામલે સફેદ દૂધનું વેચાણ કરનાર સુમુલ પર કબજો કરવા સત્તા લાલચુઓનો કાળો કકળાટ**

# કલેક્ટરે સુમુલના અધિકારીઓને તેડાવ્યા

**વાર્ષિક** 5 લાખ લિટર દૂધ સંપાદન થવું જોઈએ, નવા તાલુકાઓમાં એટલું દૂધ મળતું નથી

**સુરત** અને તાપી જિલ્લામાં નવા તાલુકાઓને પ્રતિનિધિત્વ માટે ગૂંચ

સુરતઃ ત્રણ વીકમાં સીમાંકનની પ્રક્રિયા પૂર્ણ કરી સુમુલ ડેરીની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણી કરાવવા ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ આજે સુરત જિલ્લા કલેક્ટર સૌરભ પારધીએ સીમાંકનની પ્રક્રિયા કરવા તજવીજ હાથ ધરી હતી. કલેક્ટરે આજે દિવસ દરમિયાન બે વાર સુમુલ ડેરીના અધિકારીઓને ડોક્યુમેન્ટ, ડેટા સાથે તેડાવ્યા હતા.

સુમુલ ડેરીમાં અત્યારે સુરત અને તાપી જિલ્લાના અગાઉના 16 તાલુકા મુજબ 16 બેઠક છે. સુમુલ ડેરીના પેટા નિયમમાં એવી સ્પષ્ટ જોગવાઈ છે કે, વાર્ષિક 5 લાખ લિટર દૂધ ઉત્પાદન કરનાર મંડળીઓના તાલુકાને જ પ્રતિનિધિ મતદાનનો અધિકાર મળે છે. એવી જ રીતે વ્યક્તિ પ્રતિનિધિ માટે 700 લિટર દૂધ ઉત્પાદનની જોગવાઈ છે. નવા બનેલા તાલુકાઓમાં 5 લાખ લિટર દૂધ સંપાદન થતું નથી. તેથી નવી બેઠકો માટે ગૂંચ ઊભી થવાની શક્યતા છે. સુરત અને તાપી જિલ્લામાં નવા તાલુકાઓને પ્રતિનિધિત્વ આપવા માટે સામાન્ય સભા યોજાયા વિના જ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મુદત પૂર્ણ થઈ જતા 16 તાલુકા 16 બેઠકો મુજબ ચૂંટણી કરાવવી કે નહીં, એવી ગૂંચ ઊભી થઈ છે. અડાજણ અને અબ્રામા બે નવા તાલુકા સુરત સિટીમાં બન્યા છે. સુરત જિલ્લામાં માંડવીમાંથી અરેઠ નવો તાલુકો બન્યો છે. મહુવામાંથી નવો અંબિકા તાલુકો બન્યો છે. તાપી જિલ્લામાં સોનગઢમાંથી ઉકાઈ તાલુકો નવો બન્યો છે. કલેક્ટર માટે બીજો ગૂંચનો પ્રશ્ન એ છે કે, સુમુલની ચૂંટણી માટે મતદાર યાદીની કટ ઓફ 31 માર્ચ 2025 સુધીની રાખવી કે હાઈકોર્ટે ચુકાદો આપ્યો એ દિવસની કટ ઓફ ડેટ રાખવી.

### સુપ્રીમના સાબર ડેરીના ચુકાદા મુજબ ચૂંટણી નહીં થાય તો ફરી કોર્ટમાં જવાની કોંગ્રેસ નેતા દર્શન નાયકની ચીમકી

ભૂતકાળમાં સુમુલ ડેરીનું સીમાંકન, ચૂંટણી,મતદાન પેટર્ન શું હતી એ વિગતો પણ સુરત કલેક્ટરે મેળવી છે. ભૂતકાળમાં તાલુકા બેઠક મુજબ નહીં પણ 16 બેઠકના ઉમેદવારોને મત આપવાની પેટર્ન હતી. સાબર ડેરી વિરુદ્ધ પંકજ કુમાર પટેલના કેસ (LLC ઓર્ડર નંબર 17404/2014 નો ચુકાદાનો તા.4/8/2014 નો ઓર્ડર) એવો આવ્યો હતો કે, ઝોન દીઠ 1/1 વોટ અને મંડળીના દરેક સભાસદ 16/16 મત આપી શકે છે. આ ચુકાદો સુમુલ ડેરીને પણ લાગે છે પણ અત્યાર સુધી કોઈ સભાસદે એનો અમલ કરતી માંગ કરી ન હોવાથી તાલુકા દીઠ એક બેઠક માટે તાલુકાની મંડળીઓના મતદારો જ મતદાન કરે છે. ગુજરાત હાઇકોર્ટ દ્વારા સુરતના કલેક્ટર અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓને ચૂંટણી કરાવવામાં વિલંબ કરવાના કારણોસર ખખડાવવામાં આવ્યા પછી કલેક્ટર સાવધાનીપૂર્વક તટસ્થ ભૂમિકામાં આવતા રાજકીય પરિબળોમાં નિરાશા ફેલાઈ છે. સુમુલ ડેરીની સભાસદ મંડળી સાંધીએર દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સભાસદ અને કોંગ્રેસ નેતા દર્શન નાયકે ચીમકી આપી છે કે, સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ ચૂંટણી ન થાય તો કલેક્ટરના નિર્ણયને કાનૂની રીતે પડકારવામાં આવશે.

### સોનગઢ, માંડવી અને મહુવા મંડળીઓને બેઠકનો વધુ લાભ મળવો જોઈએઃ જયેશ દેલાડ

સુમુલ ડેરીના સિનિયર તત્કાલીન ડિરેક્ટર જયેશ એન.પટેલ (દેલાડ) એ પોતાની પ્રતિક્રિયામાં જણાવ્યું હતું કે, ગુજરાત હાઇકોર્ટના ચુકાદા મુજબ સુરત જિલ્લા કલેક્ટરે તાત્કાલિક સુમુલ ડેરીની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ કરી, સુમુલના સાચા માલિક પશુપાલકોના હાથમાં વહીવટ સુપરત કરવો જોઈએ. બેઠકોના સીમાંકન મુદ્દે સૌથી વધુ મંડળી મતદાર ધરાવતા સોનગઢ (1750 મતદારો) તાલુકામાંથી નવા ઉકાઇ તાલુકા અને માંડવીમાંથી (125 મતદારો) અરેઠ તાલુકો બન્યો છે તથા મહુવા (60 મતદારો)માંથી નવા અંબિકા તાલુકાની મંડળીઓને બેઠકનો વધુ લાભ મળવો જોઈએ.

# કામરેજ સહિત રાજ્યની 9 APCMની ચૂંટણી ટૂંકમાં યોજાશે

**વહીવટી** કારણોસર અન્ય 15 APMCની મુદત છ મહિના માટે લંબાવવામાં આવી

ગાંધીનગરઃ રાજ્ય સરકારે રાજ્યની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ (APMC)ના વહીવટને વધુ પારદર્શક અને સુચારું બનાવવા માટે એકસાથે બે મહત્ત્વપૂર્ણ અને વ્યૂહાત્મક નિર્ણયો લીધા છે. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા રાજ્યની 9 APMCમાં ટૂંક સમયમાં ચૂંટણી યોજવા માટે સત્તાવાર સૂચનાઓ જારી કરવામાં આવી છે, જ્યારે વહીવટી કારણોસર અન્ય 15 APMCની મુદત છ મહિના માટે લંબાવવામાં આવી છે.

કૃષિ અને સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં જે બજાર સમિતિઓની મુદત પૂર્ણ થઈ ગઈ છે, ત્યાં નિયમો મુજબ તાત્કાલિક ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવાની કાર્યવાહી કરવા માટે 'ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર' નિયામકને સૂચના આપવામાં આવી છે, જેના કારણે સ્થાનિક સ્તરે ખેડૂત પ્રતિનિધિઓની લોકશાહી રીતે પસંદગીનો માર્ગ વધુ મોકળો બન્યો છે. આ નિર્ણયના પરિણામે દેવભૂમિ દ્વારકાની ભાણવડ, અમદાવાદની ધોલેરા, સાબરકાંઠાની તલોદ, નર્મદાની સાગબારા, તાપીની કુકરમુંડા, સુરેન્દ્રનગર, સુરતની કામરેજ, બોટાદની રાણપુર અને બરવાળા સહિત કુલ 9 બજાર સમિતિઓમાં ટૂંક સમયમાં ચૂંટણી યોજાશે.

જ્યારે ઠાસરા, ગળતેશ્વર, દિયોદર, ભાભર, ધાનેરા, જૂનાગઢ, ધોળકા, બાવળા, બેચરાજી, શહેરા, નસવાડી અને છોટાઉદેપુર, પ્રાંતિજ, બોટાદની ગઢડા તથા અમરેલીની ચૂંટણી છ મહિના બાદ થશે.

# સુરત જિલ્લાનાં 71 બાળકને હૃદયરોગ, 11ને કેન્સર

**4 લાખ** બાળકનું મેડિકલ સ્ક્રીનિંગમાં કામરેજમાં સૌથી વધુ બીમાર બાળકો મળ્યાં

સુરતઃ સુરત જિલ્લાની તમામ શાળાઓમાં જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા વ્યાપક મેડિકલ સ્ક્રીનીંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અંતર્ગત જિલ્લામાં કુલ 4 લાખથી વધુ બાળકોનું આરોગ્ય ચકાસણી કરવામાં આવી, જેમાંથી 105 બાળકો કોઈને કોઈ ગંભીર બીમારીથી પીડિત હોવાનું સામે આવ્યું છે.

સ્ક્રીનિંગના આંકડાઓ મુજબ સૌથી વધુ બીમાર બાળકો કામરેજ તાલુકામાં નોંધાયા છે, જ્યારે બીજા ક્રમે માંગરોળ તાલુકો આવે છે. તાલુકાવાઈઝ આંકડાઓએ આરોગ્ય તંત્રને ચિંતામાં મૂકી દીધું છે. તાલુકાવાઈઝ બીમાર બાળકોનું ચિંતાજનક ચિત્ર જોઈએ તો જિલ્લામાં કુલ 105 બીમાર બાળકોમાંથી હૃદયરોગના સૌથી વધુ 71 કેસ નોંધાયા છે. કિડની સંબંધિત બીમારીઓના 19 કેસ અને કેન્સરના 11 કેસ નોંધાયા છે. જ્યારે અન્ય બીમારીઓના 4 કેસ નોંધાયા છે. તાલુકાવાઈઝ જોવામાં આવે તો કામરેજ તાલુકામાં સૌથી વધુ 23 બાળકો બીમાર મળ્યા છે. ત્યારબાદ માંગરોળ તાલુકામાં 19, મહુવામાં 15 અને ઓલપાડમાં 14 બાળકો બીમારીથી પીડિત હોવાનું બહાર આવ્યું છે. ઉમરપાડા તાલુકામાં માત્ર એક જ બાળક બીમાર હોવાનું નોંધાયું છે.

### હૃદયરોગના કુલ 71 બાળકો મળી આવ્યાં

સ્ક્રીનિંગના આંકડાઓમાં સૌથી ગંભીર બાબત એ છે કે કુલ 105માંથી 71 બાળકો હૃદયરોગથી પીડિત હોવાનું જાણવા મળ્યું છે. કામરેજ તાલુકામાં 19 બાળકો હૃદયરોગી છે. જ્યારે મહુવા તાલુકામાં 10 બાળકોમાં હૃદયની તકલીફ નોંધાઈ છે. ઓલપાડ અને માંગરોળ તાલુકામાં પણ હૃદયરોગના નોંધપાત્ર કેસ સામે આવ્યા છે. નાના બાળકોમાં હૃદયરોગની વધતી સંખ્યાએ વાલીઓ તેમજ આરોગ્ય વિભાગ બંને માટે ચિંતાનો વિષય બની ગયો છે.

### બાળકોમાં હૃદયરોગના વધતા કેસો પાછળ તબીબી નિષ્ણાતોનો મત

» **જન્મજાત હૃદયની ખામીઓઃ** ઘણા બાળકોમાં જન્મથી જ હૃદયની રચનામાં ખામી હોવી મુખ્ય કારણ બની શકે છે. શરૂઆતમાં લક્ષણો ન દેખાતા આ પ્રકારની તકલીફ સ્કૂલના સમયમાં બહાર આવે છે.

» **પોષણની અછત અને અસંતુલિત આહારઃ** ગ્રામ્ય તથા અર્ધશહેરી વિસ્તારોમાં આયર્ન, ફોલિક એસિડ, પ્રોટીનની ઉણપ જંક ફૂડ અને પેકેજ્ડ ખોરાકનો વધતો વપરાશ આ બાબતો હૃદયના સ્વાસ્થ્ય પર લાંબા ગાળે અસર કરે છે.

» **માતાના આરોગ્ય પરિબળોઃ** ગર્ભાવસ્થામાં માતામાં એનિમિયા, બ્લડપ્રેશર, ડાયાબિટીસ જેમની યોગ્ય સારવાર ન થઈ હોય તો બાળકના હૃદય પર તેની અસર થવાની શક્યતા રહે છે.

» **શારીરિક પ્રવૃત્તિનો અભાવઃ** મોબાઈલ, ટીવી અને વીડિયો ગેમ્સના વધતા વપરાશને કારણે બાળકોમાં રમતો અને કસરત ઘટી રહી છે. સ્થૂળતા (Obesity) વધે છે. જે હૃદય માટે જોખમી સાબિત થાય છે.

» **પર્યાવરણીય પરિબળોઃ** ઉદ્યોગપ્રધાન વિસ્તારોમાં હવા અને પાણી પ્રદૂષણ કેમિકલ્સનો સંપર્ક આ બાબતો પણ બાળકોના સમગ્ર આરોગ્ય સહિત હૃદય પર અસર કરી શકે છે.

### જિલ્લામાં તાલુકાવાઈઝ વિદ્યાર્થીઓના સ્ક્રીનિંગ બાદ બીમાર મળેલાં બાળકો

| તાલુકા | હૃદય | કીડની | કેન્સર | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|
| ચોર્યાસી | 06 | 01 | 00 | 00 | 07 |
| ઓલપાડ | 10 | 02 | 02 | 00 | 14 |
| કામરેજ | 19 | 00 | 03 | 01 | 23 |
| પલસાણા | 07 | 02 | 01 | 00 | 10 |
| બારડોલી | 06 | 02 | 02 | 00 | 10 |
| મહુવા | 10 | 03 | 00 | 02 | 15 |
| માંડવી | 04 | 01 | 01 | 00 | 06 |
| માંગરોલ | 08 | 08 | 02 | 01 | 19 |
| ઉમરપાડા | 01 | 00 | 00 | 00 | 01 |
| કુલ | 71 | 19 | 11 | 04 | 105 |

**સ્ક્રીનિંગથી વહેલી તકે બીમારી પકડી સારવાર કરી શકાય**

આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ, મેડિકલ સ્ક્રીનિંગનો મુખ્ય હેતુ બીમારીઓને વહેલી તકે ઓળખી યોગ્ય સારવાર સુલભ કરાવવાનો છે. સ્ક્રીનિંગ દરમિયાન બીમાર મળી આવેલા બાળકોને વધુ તપાસ અને સારવાર માટે રિફર કરવામાં આવ્યા છે. સમયસર નિદાન અને યોગ્ય સારવારથી બાળકો સ્વસ્થ જીવન તરફ આગળ વધી શકે છે.

# ટ્રેનમાં હવે સીટ પર જ મળશે ગરમાગરમ ભોજન

**બુક** કરેલું ભોજન પૂરું પાડી શકાય તેમ ન હોય, તો રિફંડ સીધું ખાતામાં જમા થશે

સુરત : ભારતીય રેલ્વેએ મુસાફરોની સફરને વધુ સુખદ અને સ્વાદિષ્ટ બનાવવા માટે એક મહત્ત્વપૂર્ણ ડિજિટલ પગલું ભર્યું છે. IRCTC દ્વારા 'ઈ-પેન્ટ્રી' (e-Pantry) સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જેના હેઠળ હવે મુસાફરો ટ્રેનમાં પોતાની સીટ પરથી જ ભોજનનો ઓર્ડર આપી શકશે. આ સુવિધાનો મુખ્ય હેતુ પેન્ટ્રી કાર ધરાવતી ટ્રેનોમાં ભોજનની પ્રક્રિયાને વધુ પારદર્શક અને અનુકૂળ બનાવવાનો છે. જો રેલવે તંત્ર દ્વારા કોઈ ટેકનિકલ કારણોસર બુક કરેલું ભોજન પૂરું પાડી શકાય તેમ ન હોય, તો મુસાફરોને ચિંતા કરવાની જરૂર નથી. IRCTC દ્વારા પૂરેપૂરું રિફંડ સીધું મુસાફરનાં ખાતામાં જમા કરવામાં આવશે, તેની જાણકારી SMS અથવા WhatsApp દ્વારા આપવામાં આવશે.ક્સપ્રેસ

**સુરતથી પસાર થતી આ ટ્રેનોમાં બુકિંગ ઉપલબ્ધ**

પશ્ચિમ એક્સપ્રેસ (અમૃતસર - મુંબઈ)
અમદાવાદ - બરૌની એક્સપ્રેસ
અમૃતસર - કોચુવેલી એક્સપ્રેસ
નિઝામુદ્દીન દર્શન એ

# પુરી-સુરત એક્સપ્રેસમાંથી 2.51 લાખનો ગાંજો ઝડપાયો

**GRP** અને RPF સંયુક્ત ચેકિંગ દરમિયાન બિનવારસી ગાંજો મળ્યો



સુરતઃ ગુજરાત રાજ્યમાં નશાકારક પદાર્થોની હેરાફેરીને નેસ્ત-નાબૂદ કરવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરાયેલા MISSION SAFE STATION અભિયાન હેઠળ રેલવે પોલીસને મોટી સફળતા મળી છે.

સુરત રેલવે સ્ટેશન પર ઊભેલી ટ્રેનમાંથી પશ્ચિમ રેલવે વડોદરાની એસ.ઓ.જી. અને એન.ડી.પી.એસ. ડેડીકેટેડ ટીમે બિનવારસી હાલતમાં રાખેલો રૂપિયા 2.51 લાખનો ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

પશ્ચિમ રેલવેના SP અભિષેક સોનીના માર્ગદર્શન હેઠળ ચાલુ કરવામાં આવેલા MISSION SAFE STATION અભિયાન હેઠળ રેલવે એસ.ઓ.જી. અને સુરત આર.પી.એફ.ની ટીમ દ્વારા આજરોજ સંયુક્ત ચેકિંગ દરમિયાન ટ્રેન નંબર ૨૨૮૨૭ પુરી-સુરત એક્સપ્રેસ સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૪ પર આવી હતી.

દરમિયાન રીઝર્વેશન કોચ A/2 ની સીટ નંબર ૫૧ નીચેથી એક શંકાસ્પદ ગુલાબી કલરની ટ્રોલી બેગ મળી આવી હતી. પોલીસ તપાસ દરમિયાન આ ટ્રોલી બેગમાંથી નશાકારક પદાર્થ ગાંજોનો જથ્થો જેનું કુલ વજન 5.038 કિલોગ્રામ ગાંજો અંદાજિત કિંમત રૂપિયા 2.51.900 મળી આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર કોઈ અજાણ્યો ઈસમ ધરપકડના ડરથી આ પ્રતિબંધિત જથ્થો બિનવારસી હાલતમાં છોડીને નાસી છૂટ્યો હતો.

**AIPEFનું 12 ફેબ્રુઆરીએ દેશવ્યાપી વીજ હડતાળનું એલાન**

# વીજ હડતાળમાં ગુજરાતના 45 હજાર કર્મચારી જોડાશે

**જાહેર** વીજ ક્ષેત્રને તોડી પાડવાની નીતિઓ સામે રોષ, ફેડરેશનની મુખ્ય 8 માંગણી

સુરતઃ કેન્દ્ર સરકાર દ્વારા વીજળી ક્ષેત્રના ખાનગીકરણ, ઈલેક્ટ્રિસિટી (એમેન્ડમેન્ટ) બિલ-2025 અને પ્રસ્તાવિત નેશનલ ઈલેક્ટ્રિસિટી પોલિસી-2026ને બજેટ સત્ર દરમિયાન સંસદમાં રજૂ કરવાની સંભાવનાને પગલે ઓલ ઇન્ડિયા પાવર એન્જિનિયર ફેડરેશન (AIPEF) દ્વારા 12 ફેબ્રુઆરી, 2026ના રોજ દેશવ્યાપી હડતાળનું એલાન કરવામાં આવ્યું છે.

આ હડતાળને ગુજરાતમાંથી ગુજરાત ઈલેક્ટ્રિસિટી બોર્ડ એન્જિનિયર્સ એસોસિએશન (GEBEA) અને AGVKS (ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિ) દ્વારા સંપૂર્ણ મોરલ સપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. AIPEFના અધ્યક્ષ શૈલેન્દ્ર દુબેએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારની નીતિઓ ભારતના જાહેર વીજ ક્ષેત્રને ધીમે ધીમે ખોખલું કરવાની દિશામાં છે. પ્રસ્તાવિત વીજળી (સુધારા) બિલ-2025 અને રાષ્ટ્રીય વીજળી નીતિ-2026 સસ્તી વીજળી, જાહેર માલિકી, સંઘીય માળખું અને રાષ્ટ્રીય ઊર્જા સુરક્ષા પર સીધો હુમલો છે. AGVKSના સિનિયર સેક્રેટરી જનરલ બળદેવભાઈ પટેલ અને GEBEAના સેક્રેટરી જનરલ એચ.જી. વઘાસિયાએ જણાવ્યું હતું કે AIPEFના આહ્વાનને પગલે ગુજરાતમાંથી આશરે 7 હજાર ઇજનેરો સહિત 45 હજાર કર્મચારીઓ હડતાલને મોરલ સપોર્ટ આપશે. 12 ફેબ્રુઆરી, 2026ના રોજ બપોરે 2:00થી 2:30 દરમિયાન રાજ્યભરની તમામ વીજ કંપનીઓની મુખ્ય કચેરીઓ પર એકત્ર થઈ સરકારની ખાનગીકરણ અને આઉટસોર્સિંગ નીતિઓ સામે સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

**ફેડરેશનની મુખ્ય માંગણીઓ**

» વીજળી (સુધારા) બિલ-2025 અને નેશનલ ઈલેક્ટ્રીસીટી પોલિસી-2026 પાછી ખેંચવી » સ્માર્ટ મીટરિંગ રદ કરવું, વીજ ઉપયોગિતાઓના ખાનગીકરણ પર પૂર્ણ રોક » કરાર આધારિત કર્મચારીઓનું ચિમિતીકરણ » ખાલી જગ્યાઓમાં તાત્કાલિક ભરતી અને વીજ કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના (OPS) પુનઃસ્થાપિત કરવાની માંગ » કેન્દ્રીય દબાણ દ્વારા રાજ્યોના અધિકારો પર થતા હુમલાને રોકવાની માંગ

# આજથી ડભોલી બ્રિજ 78 દિવસ માટે અડધો બંધ

**વાહનચાલકોએ** વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવો પડશે

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ બ્રિજના મરામતની ચાલી રહેલી કામગીરીના ભાગરૂપે 11 ફેબ્રુઆરી 2026થી તાપી નદી પર આવેલા ડભોલી-જહાંગીરપુરા રિવર બ્રિજનું સમારકામ શરૂ કરવામાં આવશે. બ્રિજના હેલ્થ રિપોર્ટમાં વધુ મરામતની જરૂરિયાત જણાતા મનપા દ્વારા અંદાજે 47 લાખ રૂપિયાના ખર્ચે બંને તરફના 'વેરિંગ કોટ' બદલવાનું આયોજન કરાયું છે. આ કામગીરીના પ્રથમ તબક્કામાં જહાંગીરપુરાથી ડભોલી તરફ જતો રસ્તો સતત 78 દિવસ એટલે કે 30 એપ્રિલ 2026 સુધી વાહનવ્યવહાર માટે બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન એક તરફની કામગીરી પૂર્ણ થયા બાદ બીજા તબક્કામાં ડભોલીથી જહાંગીરપુરા તરફ આવતા ભાગનું રિપેરિંગ હાથ ધરવામાં આવશે. આ અંગે મનપાએ જાહેરનામું બહાર પાડીને સ્પષ્ટ કર્યું છે કે ટ્રાફિક નિયમો કે ડાયવર્ઝનનો ભંગ કરનાર સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

જહાંગીરપુરાથી ડભોલી તરફ જતો માર્ગ બંધ રહેવાનો હોવાથી વાહનચાલકોની સુવિધા માટે મનપાએ ચાર મુખ્ય વૈકલ્પિક રૂટ (ડાયવર્ઝન) જાહેર કર્યા છે. રાંદેર કે અડાજણ તરફથી ડભોલી જનારા લોકો રામનગર ચાર રસ્તાથી જમણી તરફ વળી વિયર કમ કોઝવે થઈ બર્ડ ચોક અને ડી-માર્ટ કોઝવે લિંક રોડનો ઉપયોગ કરી શકશે. તેવી જ રીતે, અડાજણ કે તાડવાડી રોડથી આવતા વાહનચાલકો વિજય સેલ્સની સામે ગોરાટ હનુમાન રોડથી રાંદેર રોડ થઈ કોઝવે તરફ જઈ શકશે. અડાજણ પાટિયાથી આવતા લોકો ચંદ્રશેખર આઝાદ રિવર બ્રિજની બાજુના રસ્તે ન્યુ રાંદેર રોડ થઈ કોઝવેનો રૂટ લઈ શકશે અથવા ચંદ્રશેખર આઝાદ બ્રિજ ઉતરીને વેડ દરવાજા જંકશનથી ડાબી તરફ વળીને ડભોલી પહોંચી શકશે.

**૧૭ નગરપાલિકાનાં વિકાસ કામોની જવાબદારી RCM સુરત પાસે**

# દ.ગુજરાતની નગરપાલિકાઓમાં અબજોની ગેરરીતિનો આક્ષેપ

**કોંગ્રેસે** મુખ્યમંત્રીને રજૂઆત કરી ઉચ્ચસ્તરીય તપાસ અને કાયદેસર કાર્યવાહી કરવાની માંગ

સુરતઃ દક્ષિણ ગુજરાતની નગરપાલિકાઓમાં ચાલી રહેલા વિકાસના કામોમાં વ્યાપક સ્તરે ગેરરીતિ, નાણાંકીય બેદરકારી અને ભ્રષ્ટાચાર થતો હોવાના ગંભીર આક્ષેપો સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરી છે. કોંગ્રેસના મહામંત્રી દર્શન નાયકે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, શહેરી વિકાસ મંત્રી, શહેરી વિકાસ સચિવ તથા મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશનના કમિશનરને લેખિત રજૂઆત કરીને રીજનલ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ (RCM), સુરત સામે તાત્કાલિક ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરી છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર દક્ષિણ ગુજરાત વિસ્તારમાં આવેલી કુલ 17 નગરપાલિકાઓના વિકાસ કાર્યોની નાણાંકીય દેખરેખ, સુપરવિઝન અને ગુણવત્તા ચકાસણીની જવાબદારી રીજનલ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ (RCM), સુરત પાસે છે. આ નગરપાલિકાઓમાં ૧૫મા નાણાપંચ, સ્વચ્છ ભારત મિશન (SBM), સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, કેન્દ્ર સરકારની અમૃત યોજના, મુખ્યમંત્રી શહેરી સડક યોજના તેમજ ડ્રેનેજ અને STP પ્રોજેક્ટ્સ સહિતની યોજનાઓ હેઠળ અબજો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ ૩૭ અને કલમ ૭૦ મુજબ નાણાંકીય ઉચાપત અને રિકવરી કરવાની સત્તા હોવા છતાં RCM સુરત દ્વારા આજદિન સુધી એક પણ કેસ નોંધવામાં આવ્યો નથી કે કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી.

### માનીતી એજન્સીઓને જ કરોડોનાં ટેન્ડરો

કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે મોટાભાગના વિકાસ કામો માત્ર ત્રણ કે ચાર ખાનગી એજન્સીઓને જ વારંવાર સોંપવામાં આવ્યા, જેના કારણે સ્પર્ધાત્મક પ્રક્રિયા ઉપર સવાલ ઉભા થયા છે. આ એજન્સીઓને કરોડો રૂપિયાના વર્ક ઓર્ડરો આપવામાં આવતા હોવા છતાં કામોની ગુણવત્તા અને ખર્ચ અંગે કોઈ અસરકારક દેખરેખ કરવામાં આવી નથી. અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો વચ્ચે મિલીભગત તથા હપ્તાખોરીની ગંભીર શંકા વ્યક્ત કરવામાં આવી છે.

### બારડોલી સહિત અનેક નગરપાલિકાઓમાં ગંભીર આરોપો

રજૂઆતમાં બારડોલી નગરપાલિકામાં ખાનગી એજન્સી સામે ફોર્જરીની તપાસ ચાલુ હોવા છતાં નવા વર્ક ઓર્ડર આપવામાં આવ્યા હોવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. ઉપરાંત સરકારી જમીન પર ગેરકાયદેસર કબજો કરી ભાડું વસૂલવાના મામલામાં પણ આજદિન સુધી કાર્યવાહી ન થવાની ફરિયાદ કરવામાં આવી છે. આ ઉપરાંત વ્યારા, માંડવી, આમોદ, અંકલેશ્વર, સોનગઢ, કડોદરા, વાપી, બીલીમોરા, જંબુસર અને તરસાડી નગરપાલિકાઓમાં પણ વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓ અંગે રજૂઆતો કરવામાં આવી છે.

» **૧૦થી વધુ એન્જિનિયર દ્વારા ફિલ્ડ ચકાસણી ન કરવાના આક્ષેપ**
» **SBM પ્રોજેક્ટમાં ૫૦૦ કરોડના ખર્ચમાં રેકોર્ડ મેનિપ્યુલેશનનો આરોપ એ**
» **બ્લેકલિસ્ટેડ એજન્સીને ૬ કરોડ રૂપિયાનું ટેન્ડર**
» **વિજિલન્સ અને ફરિયાદ નિવારણ શાખા નિષ્ક્રિય**
» **વર્ષો જૂની ફરિયાદો પર સુનાવણી નહીં**

**અનુસંધાન... પાના છેલ્લાનું**

**યુએસ-બાંગ્લાદેશ...**

18-19% સુધીની સ્પર્ધાત્મક વધારાની ધાર મળે છે, જે ભારતીય MMF અને કપાસ આધારિત વસ્ત્રોને સીધો ગેરલાભ પહોંચાડે છે. ઉદ્યોગકારો માને છે કે આ સ્થિતિ ચાલુ રહી તો ભારતીય નિકાસકારો માટે યુએસ બજારમાંથી ઓર્ડર સરકવાની સંભાવના વધી શકે છે.

**ભારતીય કાયા...**

છે. કુલ મળીને, યુએસ-બાંગ્લાદેશ વેપાર કરાર ભારતીય કાપડ ઉદ્યોગ માટે ચેતવણીરૂપ સાબિત થયો છે, ખાસ કરીને સુરત જેવા MMF હબ માટે, જ્યાં સપ્લાય ચેઇન, નિકાસ અને રોજગારી - ત્રણેય પર દબાણ વધવાની શક્યતા સ્પષ્ટ દેખાઈ રહી છે.

**વેલેન્ટાઈન ડે...**

તો સાથે જ વિવિધ પ્રકારના ગિફ્ટ આર્ટિકલ કે જેમાં સોફ્ટ ટોય્ઝ કપલ મગ, ફ્રેમ, ઘડિયાળ, લેમ્પ, તાજમહેલ, વોટર લાઇટિંગ ફ્રેમ, મિરર મેજિક ટચ લાઇટિંગ ફોટા ફ્રેમ, મ્યુઝિકલ પેન ડ્રાઈવ લેમ્પ, છત્રીવાળા લેમ્પ, રીમોટ કંટ્રોલ વિથ ટચ લેમ્પ, ટેડી બિયરવાળો લેમ્પ, ક્રિસ્ટલ હાર્ટવાળો લેમ્પ, ક્રિસ્ટલ સ્ટોન લેમ્પ, ઇન્ફિનિટી લવ નામવાળો લેમ્પ, વુડન કેપ લેમ્પ, ડાયમંડ જડિત લેમ્પ જેવી ગિફ્ટ્સ પણ ઉપલબ્ધ છે.

**4 દિવસ પહેલા...**

નહોતા, ભાઈઓ વચ્ચે પણ કઈ નથી, અત્યારે કેમિકલના બિઝનેસમાં પણ મારા ભત્રીજાઓએ સારી એવી પ્રોપર્ટી લીધી છે, ત્રણેય ભાઈઓના નામે અને બહેનના નામે પણ.

**ફોન ન ઉપાડતા...**

બાળકને સ્કૂલે લેવા માટે તેમના ઘરે આવ્યો હતો. ત્યારે દરવાજો ન ખુલતા તેણે તેને તોડીને અંદર પ્રવેશ કર્યો હતો. જ્યાં ત્રણ મૃતદેહ મળી આવ્યા હતાં. નોમાન સર જે જે નામની સ્કૂલના ધોરણ 5 માં અભ્યાસ કરતો હતો.

**આખરે ત્રણ વર્ષે...**

ગીચ વિસ્તાર હોવાથી મેટ્રોને ભૂગર્ભમાં દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ચોકબજારમાં ટનલની કામગીરી દરમિયાન સતત વાઈબ્રેશનને કારણે ક્રાઈમ બ્રાંચની કચેરી પર મોનિટરિંગ કરાયું

આજે મેટ્રો રેલ માટે ટનલ ખોદવાની છેલ્લા તબક્કાની કામગીરીમાં ટીબીએમ ક્રાઈમ બ્રાંચની ઓફિસ નીચેથી જ બહાર નીકળવાનું હોય, સતત ઓફિસ પર મોનિટરિંગ કરવામાં આવી રહ્યું હતું.

ઓફિસ પર કેટલું વાઈબ્રેશન આવી રહ્યું છે તેની લાઈવ વોચ કરાઈ હતી. ઓફિસને 2-3 દિવસથી ખાલી પણ કરાવાઈ હતી. હવે બુધવારથી ફરીથી ઓફિસ કાર્યરત કરી દેવાશે.

**સુરત મેટ્રો રેલ...**

ડાઉન એમ બંને લાઈન માટે અલગ-અલગ ટનલ બનાવવામાં આવી છે. તેમજ બીજો રૂટ સારોલીથી ભેંસાણ છે. આ રૂટની કુલ લંબાઈ 18.74 કિલોમીટર છે. આ રૂટ સંપૂર્ણપણે એલિવેટેડ છે, જે શહેરના પૂર્વ અને પશ્ચિમ છેડાને જોડશે.

**'વેલેન્ટાઈન ડે' માટે...**

બજારોમાં ખરીદીનો ઉત્સાહ પણ વધી ગયો છે. અમે ગીફ્ટ શોપના માલિક વિકાસભાઈ સહજવાનીએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે, આ વર્ષે ચોકલેટના કસ્ટમાઈઝ બુકે અને નવા બોબોસ બુકે આવ્યા છે, જેમાં મોટા બલૂનની અંદર ચોકલેટ, ટેડી, ફ્લાવર અને ગિફ્ટ આર્ટિકલ સાથેનું ગિફ્ટ હેમ્પર તૈયાર કરવામાં આવે છે. આ ઉપરાંત ફ્રેશ ફ્લાવર્સથી બનાવવામાં આવતા બુકેની પણ માંગ વધુ છે.

**દુઃખદ અવસાન-બેસણું**



સ્વ. ગુલાબભાઈ વેસ્તાભાઈ પટેલ
સ્વ.તા. ૦૮-૦૨-૨૦૨૬

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે
**શ્રી ગુલાબભાઈ વેસ્તાભાઈ પટેલ**
(નિવૃત આચાર્ય, એમ. કે. મહેતા હાઇસ્કૂલ, સોલસુંબા) નું
રવિવાર, તા. ૦૮/૦૨/૨૦૨૬ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
તેમની ઈચ્છા અનુસાર સંપૂર્ણ દેહદાન કરવામાં આવ્યું છે. સદ્‌ગતના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરવા માટે **'બેસણું'** નીચે મુજબ રાખેલ છે.

:: **બેસણું** ::
તા. ૧૨/૦૨/૨૦૨૬, ગુરુવાર
:: **સમય** ::
બપોરે ૨:૦૦ થી ૫:૦૦ કલાક સુધી
:: **સ્થળ** ::
પ્લોટ નં. ૧૦૪, મણીબાગ-૨, રાધાકૃષ્ણ મંદિરની પાછળ, અબ્રામા, વલસાડ.

**શોકતપ્ત**
પદ્માબેન પટેલ (પત્ની)
ગિરીશ પટેલ (પુત્ર) | શીલાબેન પટેલ (પુત્રવધૂ)
ઉદય પટેલ (પુત્ર) | પ્રતિક્ષાબેન પટેલ (પુત્રવધૂ)
શ્વેતલ પટેલ (પૌત્રી) | અનન્યા પટેલ (પૌત્રી)
તથા સમસ્ત પરિવાર